નં.ડીએમ/સીસીટીવી/૪૪૭૦૯૫/૨૦૨૨
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
જામનગર. તા.૨૬/૧૨/૨૦૨૨

**ફોજદારી કાર્યરિતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળનું જાહેરનામું**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી મળેલ દરખાસ્ત અનુસાર ગુપ્તચર સંસ્થાઓના વખતો–વખતના અહેવાલો અનુસાર રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરતા શખ્સો રાજય બહારથી આવે છે. જેઓ વાહનોનો ઉપયોગ કરે છે. હાઈ–વે ઉપરની હોટલોમાં રોકાણ કરે છે. આવા ઈસમો તેમજ લૂંટારાઓ, ધાડપાડુઓની ગુન્હાહિત પ્રવૃતિને કારણે નાગરીકોના જીવ જોખમાય છે. અને તેમની મિલ્કતને હાની પહોંચે છે. આ કારણે નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે. છેલ્લા કેટલાક સમય દરમ્યાન જૈન મંદીરોમાંથી આભુષણોની ચોરી, વાહન ચોરીઓ, એન્ટીક મુર્તિઓની ચોરી, ધાડ અને લૂંટના ગુનાઓને કારણે નાગરીકો અસલામતી અનુભવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુનેગારોને પકડવાનું કયારેક મુશ્કેલ બને છે. આ પ્રકારના ગુના કરતા ઈસમો ગુનો કર્યા બાદ જે તે સ્થળેથી ૫૦–૬૦ કિ.મી. દુર જઈને હાઈ–વે ઉપરના કે જિલ્લાના મુખ્ય રોડ ઉપર આવેલ પેટ્રોલપંપ ઉપર પેટ્રોલ/ડીઝલ ભરાવે છે. હાઈ–વેની હોટલ ઉપર ચા–પાણી પીતા હોય છે કે જમતા હોય છે. આવા વાહનો ટોલ પ્લાઝા ઉપરથી પસાર થતા હોય છે.

(૨) જામનગર જિલ્લામાં ગુજરાત રાજયના પડોશી રાજયો સાથે બોર્ડર ધરાવતા જિલ્લાઓમાંથી આવીને ગુનેગારોએ છેલ્લા બે વર્ષમાં વાહનોની અનેક ચોરીઓ, લૂંટ, ધાડ જેવા ગંભીર ગુન્હાઓ કરેલ છે. ગંભીર ગુન્હાઓ પૈકી કેટલાક ગુન્હાઓ અનડીટેકટ રહે છે. આવા ગુન્હાઓમાં ગુનેગારોની ઓળખ મળી જાય તો અનડીટેકટ ગુન્હાઓમાં ગુનેગારોને ઝડપથી શોધી શકાય. ગુન્હાઓ ડીટેકટ થાય તો ગુનેગારો વધુ ગુન્હા કરતા અટકે અને તે રીતે નાગરીકોના જાન–માલ બચી શકે છે. લોકોના જાન–માલની રક્ષા કરવી તે તંત્રની ફરજ છે. ગુનેગારોની ઓળખ સહેલાઈથી થઈ શકે તે માટે પેટ્રોલ પંપ, હોટલો, ટોલ પ્લાઝા વિગેરે ઉપર નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશનવાળા રેકોર્ડીંગ સીસ્ટમ સાથેના સી.સી.ટી.વી.કેમેરાઓ મુકવામાં આવે તો હેતુ જળવાઈ રહે તેમ છે. વધુમાં કોલેજોમાં ચોરી, છેડતી, મારામારી જેવા બનાવો બનતા અટકાવી શકાય તે માટે સી.સી.ટી.વી.કેમેરા મુકવા આવશ્યક જણાય છે.

(૩) ઉપરની વિગતે ગુન્હાઓનો ગંભીર પ્રકાર, ગુન્હાઓનું વધેલુ પ્રમાણ તથા અનડીટેકટ રહેતા ગુન્હાઓનું પ્રમાણ ધ્યાને લેતા સી.સી.ટી.વી.કેમેરાઓ લગાવવામાં આવે તે માટે તત્કાળ ઉપાય કરવાનું હિતાવહ જણાય છે. મહત્વના તમામ સ્થળોએ આ અંગેનું એકીસાથે પાલન થાય તો જ હેતુ જળવાઈ રહે તેમ છે. જાહેર શાંતિ અને જાહેર સલામતિ જળવાઈ રહે તે માટે ઉપરોકત પરિસ્થિતિ ઉપર તત્કાલ નિયંત્રણ લાવવું જરૂરી જણાય છે અને તે માટે અન્ય ઉપાયો યોજવામાં આવે તો તેમાં અસરકારક પરીણામ મળવામાં થતા વિલંબના કારણે એ ઉપાય અર્થહીન બની રહે તેવી પુરેપુરી સંભાવના છે. આથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ હેઠળ જાહેર હુકમ કરવા સિવાય અન્ય કોઈ ઉપાય ઉપલબ્ધ રહેતો નથી.

(૪) જેથી હું **ભાવેશ એન. ખેર,** જી.એ.એસ, **અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, જિલ્લોઃ જામનગર** ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ જામનગર જિલ્લાના જામનગર શહેર વિસ્તારમાં તથા જિલ્લાના તમામ રાજય ધોરી માર્ગ ઉપર આવેલ પેટ્રોલ પંપ, ટોલ પ્લાઝા, તમામ બેંકો, એ.ટી.એમ. સેન્ટરો, માન્યતા ધરાવતા ખાનગી ફાયનાન્સરો, શ્રોફ, સોના–ચાંદી તથા કિંમતી ઝવેરાતના શો–રૂમ, લાયસન્સવાળી નિવાસી હોટલો, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ થિયેટર, જીનીંગ મીલ, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ કોલેજો, કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, તથા શોપીંગ મોલના અન્ડર ગ્રાઉન્ડ પાર્કીંગ જેવા તમામ સ્થળોએ નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશનવાળા રેકોર્ડીંગ સીસ્ટમ સાથેના સી.સી.ટી.વી.કેમેરાઓ મુકવા આથી હુકમ કરવામાં આવે છે. આ અંગે નીચેની વિગતે સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(અ) ઉપરોકત જણાવેલ તમામ એકમોએ અગાઉના આવા જ પ્રકારના જાહેરનામાં અન્વયે સી.સી.ટી.વી. કેમેરા મુકેલા હોય તે ચાલુ હાલતમાં રહે તે જોવાનું રહેશે. નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો/વ્યવસાય શરૂ કરવાનો રહેશે.

...૧...

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
સત્યમેવ જયતે
ગુજરાત રાજય
Jamnagar District

(બ) ઉપરોકત સ્થળોએ જયાં લોકો/વાહનોનો પ્રવેશ હોય ત્યાં તેમજ અંદરના ભાગે તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સારી ગુણવતાવાળા, વધુ રેન્જના(માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) સી.સી.ટી.વી. કેમેરાઓ ગોઠવવાના રહેશે.

(ક) જે ગ્રાન્ટેડ કોલેજોએ હાયર ઓથોરીટીની મંજુરી મેળવવાની થતી હોય તે કોલેજોએ મંજુરી મેળવવાની કામગીરી એક માસમાં પૂર્ણ કરી લેવાની રહેશે, તેમજ મંજુરી મેળવવા માટે કરેલ કાર્યવાહીની લેખિત જાણ પોલીસ અધિક્ષકશ્રીને કરવાની રહેશે.

(ડ) સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગ સતત ૨૪ કલાક ચાલુ રાખવાના રહેશે અને તેનો ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી જાળવી રાખવાનો રહેશે.

(ઈ) સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગ પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેથી ઉપરના દરજજાના તમામ પોલીસ અધિકારીઓને માંગણી થયે જોવા દેવાના રહેશે અને ગુન્હાની તપાસના કામે તેવા રેકોર્ડીંગ તપાસનીશ પોલીસ અધિકારીને આપી દેવાના રહેશે.

આ હુકમ તા.૨૬/૧૨/૨૦૨૨ થી તા.૨૪/૦૨/૨૦૨૩ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાંના હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ–૧૮૬૦ (૪૫ માં અધિનિયમ) ની કલમ–૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની વર્તમાનપત્રો મારફત બહોળી પ્રસિધ્ધી કરવી.

આજ તા.૨૬ માહેઃ ડિસેમ્બર–૨૦૨૨ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

<u>નકલ સવિનય રવાના :–</u>

૧. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.

૨. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર.

<u>નકલ રવાના :–</u>

૧. જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, (ફર્સ્ટ કલાસ) (તમામ)..........

૨. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

...આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારું.

૩. કમિશ્નરશ્રી, મહાનગર પાલિકા, જામનગર

૪. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.

૫. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)/(ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર

૬. મામલતદારશ્રી, જામનગર(શહેર)/(ગ્રામ્ય)/કાલાવડ/ ધ્રોલ/જોડીયા/ લાલપુર/જામજોધપુર

૭. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર (૨ નકલો સાથે)

...સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.

૮. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

...ઉકત જાહેરનામાની ૨(બે) નકલો આ સહ સામેલ છે જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ગેઝેટની ૫ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૯. શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં

...ઉકત જાહેરનામાના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારું.

૧૦. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, કલેકટર કચેરી, જામનગર

..... ઉકત જાહેરનામાંને અત્રેની કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

૧૧. સિલેકટ ફાઈલે